(1) એક બાળક તેના પિતાને શોધે છે. જમણી બાજુ વળતા પહેલાં તે પૂર્વમાં 90 મી. ચાલે છે. ફરી જમણી બાજુ વળી તે 20 મી. ચાલે છે. જમણી બાજુ ફરી તે 30 મી. ચાલે છે. જ્યાં તેના કાકાનું ઘર છે ત્યાં પણ તેના પિતા નથી. ત્યાર બાદ તે ઉત્તર તરફ 100 મી. ચાલે છે. જયાંથી તેના પિતા તેને એક શેરીમાં મળે છે. તો તે બાળકને પોતાના પિતા પ્રસ્થાન બિંદુથી કેટલા મી. દૂરથી મળ્યા ?

(A) 90 મી.
(B) 100 મી.
(C) 260 મી.
(D) 140 મી.

(2) કોહલર ................ પ્રકારના શિક્ષણના હિમાયતી હતા.

(A) પ્રયત્ન અને ભૂલ
(B) અનુભવોનું શિક્ષણ
(C) કારક અધ્યયન
(D) આંતરસૂઝ દ્વારા અધ્યયન

(3) જો કોઈ લીપ વર્ષમાં પ્રજાસત્તાક દિન ગુરુવારે આવતો હોય તો તે જ વર્ષમાં સ્વાતંત્ર્ય દિન કયા વારે આવશે ?

(A) રવિવાર
(B) સોમવાર
(C) મંગળવાર
(D) બુધવાર

(4) સ્કિનરના સિદ્ધાંત અનુસાર સુદૃઢીકરણ આપીને સંકુલ વર્તન શીખવવું એટલે શું ?

(A) સામાન્યીકરણ
(B) ઘડતર
(C) વિભેદીકરણ
(D) વિલીનીકરણ

(5) જો સાંકેતિક ભાષામાં '256' નો અર્થ 'You are good', 367 નો અર્થ We are good અને 358 નો અર્થ good and bad તો નીચેનામાંથી and નો કોડ શું થશે ?

(A) 2
(B) 5
(C) 8
(D) 3

(6) નીચેની શ્રેણીમાં કોઈ એક સંખ્યા બંધ બેસતી નથી. તે સંખ્યા શોધો.

72, 75, 80, 83, 84, 87, 88, 89

(A) 72
(B) 83
(C) 88
(D) 89

(7) ધોરણ 6 થી 8 માં 10 (દસ) દિવસના દફતર વગરના તાસની ભલામણ કયા દસ્તાવેજમાં કરવામાં આવી છે ?

(A) રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા - 2005
(B) શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009
(C) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020
(D) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ-1986

(8) તથ્યોના આધારે સામાન્યી કરણ કરવાની પ્રક્રિયાને શું કહે છે ?

(A) નિગમનાત્મક તર્ક
(B) આગમનાત્મક તર્ક
(C) વિશ્લેષણ કરવું
(D) મૂલ્યાંકન કરવું

(9) અબ્રાહમ મેસ્લોના માનવ પ્રેરણાના સિદ્ધાંતમાં ટોચ પર કઈ જરૂરિયાત આવે છે ?

(A) સલામતીની
(B) આત્મ સાર્થકતાની
(C) શારીરિક
(D) એક પણ નહિ

(10) ક્રોધવૃત્તિ, હાસ્યવૃત્તિ, ભયવૃત્તિ એ કયા પ્રકારની પ્રવૃત્તિઓ છે ?

(A) પ્રેરણા
(B) ગૌણ
(C) સાહજિક
(D) એકેય નહિ


(11) ધીરુભાઈ અંબાણી કે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ જેવી મહાન વ્યક્તિઓ સામાન્ય કુટુંબમાંથી આવી હોવા છતાં પોતાના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે - તે શાનું ઉદાહરણ છે ?

(A) સંલગ્નતાની પ્રેરણા
(B) સિદ્ધિપ્રેરણા
(C) સત્તાની પ્રેરણા
(D) સ્નેહ અને સંપૂર્ણ પ્રેરણા

(12) કોઈપણ પ્રકારના શિક્ષણના દઢીકરણ માટે .............. એ જરૂરી ઘટક છે.

(A) સ્વતંત્રતા
(B) આઝાદી
(C) A અને B
(D) પ્રબલન

(13) નીચેનામાં કેટલા ત્રિકોણ છે ?



(A) 25
(B) 30
(C) 14
(D) 15

(14) શિક્ષકના વ્યવસાયિક ગુણોના સંદર્ભમાં કઈ બાબત આવશ્યક નથી ?

(A) શૈક્ષણિક મનોવિજ્ઞાનનું જ્ઞાન
(B) વિષયવસ્તુ પારંગતતા
(C) દરેક કાર્યમાં નિષ્ણાંત
(D) અસરકારક અભિવ્યક્તિ

(15) જીન પિયાજેના બોધાત્મક વિકાસના તબક્કામા કયા વર્ષના તબક્કામા બાળક અમૂર્ત વિચારો કરી શકે છે ?

(A) બે વર્ષ
(B) બે થી સાત વર્ષ
(C) સાતથી બાર વર્ષ
(D) બાર વર્ષથી વધુ

(16) શિક્ષણ એટલે અનુભવ અને પ્રયત્ન કે મહાવરાથી વર્તનમાં થતો સાપેક્ષ કે કાયમી ફેરફાર શિક્ષણનો આ અર્થ આપનાર કોણ હતા ?

(A) સ્કીનર
(B) સી.ટી. મોર્ગન
(C) થોર્નડાઇક
(D) પાવલોવ

(17) બાળકના વિકાસના વિભાગો કયા છે ?

(A) ઘર
(B) શાળા
(C) સમવયસ્કો
(D) આપેલ તમામ

(18) ............... એટલે એક સ્થાનથી બીજા સ્થાન સુધી વિચારનું કે અર્થનું સંક્રમણ કરવામાં કે સમજવામાં સાધનરૂપ બનતી ક્રિયા.

(A) ભાષા
(B) પ્રત્યાયન
(C) બોલવું
(D) વિચારવું

(19) વર્ગખંડ શિક્ષણ દરમિયાન થતાં અધ્યયન માટેના મૂલ્યાંકનને શું કહે છે ?

(A) સમાંતર મૂલ્યાંકન
(B) સહ-શૈક્ષણિક મૂલ્યાંકન
(C) સ્વ-અધ્યયન કાર્યનું મૂલ્યાંકન
(D) રચનાત્મક મૂલ્યાંકન

(20) વર્ગખંડમાં શિક્ષક તરીકે તમે ભણાવી રહ્યા છો, તમારો અવાજ એ ............. છે અને પંખાનો અવાજ અન્ય પ્રકારના અવાજો એ ............... છે.

(A) આકૃતિ, પૃષ્ઠભાગ
(B) પૃષ્ઠભૂમિકા, પશ્ચાદભૂમિકા
(C) આકૃતિ, આકાર
(D) આકાર, પરિવર્તન

(21) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 મુજબ શાળા શિક્ષણનું માળખું શું છે ?

(A) 4 + 5 + 3 + 3
(B) 3 + 4 + 3 + 5
(C) 5 + 3 + 3 + 4
(D) 3 + 3 + 4 + 5

(22) ............... એટલે જીવંત પ્રાણીના વિવિધ અંગ-ઉપાંગોનો સંપૂર્ણ વિકાસ સિદ્ધ કરવાની કુદરતી પ્રક્રિયા.

(A) વિકાસ
(B) વૃદ્ધિ
(C) પરિપક્વતા
(D) A અને B

(23) 'સમવાયી શિક્ષણ'નો ખ્યાલ કોણે આપ્યો છે ?

(A) સ્વામી વિવેકાનંદ
(B) શ્રી અરવિંદ
(C) રવિન્દ્રનાથ ટાગોર
(D) ગાંધીજી

(24) અસરકારક વર્ગવ્યવહારમાં કઈ આંતરક્રિયાનો સમાવેશ થતો નથી ?

(A) શિક્ષક - વિદ્યાર્થી આંતરક્રિયા
(B) શિક્ષક - સમાજ આંતરક્રિયા
(C) વિદ્યાર્થી - વિદ્યાર્થી આંતરક્રિયા
(D) વિદ્યાર્થી - સામગ્રી આંતરક્રિયા

(25) ચિમ્પાન્ઝીને લાકડી દ્વારા થયેલો ઝબકારો એ કયા શિક્ષણનું ઉદાહરણ છે ?

(A) પ્રયત્ન અને ભૂલનું શિક્ષણ
(B) અભિસંધાનનું શિક્ષણ
(C) આંતરસૂઝ દ્વારા શિક્ષણ
(D) કારક શિક્ષણ

(26) Banks will not provide you loan unless you .......................... them your original identity.

(A) provide

(B) don't provide

(C) provided

(D) will provide

(27) She has been playing the guitar .......................... two hours.

(A) since

(B) last

(C) yet

(D) for

(28) સાહિત્યિક સંસ્થા અને તેના દ્વારા પ્રકાશિત સામયિકની જોડમાં નીચે પૈકીની કઈ જોડ યોગ્ય નથી ?

(A) ભારતીય વિદ્યાભવન - અખંડઆનંદ

(B) ગુજરાત સાહિત્ય સભા - બુદ્ધિ પ્રકાશ

(C) ગુજરાત સાહિત્ય અકાદમી - શબ્દ સૃષ્ટિ

(D) ગુજરાતી સાહિત્ય પરિષદ - પરબ

(29) Which sentence is not correct ?

(A) Jitu is my elder brother.

(B) He is older than his sister.

(C) Manu is my eldest son.

(D) He is the eldest boy in the family.

(30) 'દીપડાની લુચ્ચાઈ સાથે તેમણે આજીવન ઝઝૂમવું પડે છે.' - વાક્યમાં રહેલ ક્રિયાવિશેષણ જણાવો.

(A) દીપડાની

(B) લુચ્ચાઈ

(C) આજીવન

(D) ઝઝૂમવું

(31) Choose the synonym of the word 'ancient'.

(A) very fast

(B) very old

(C) angry

(D) amazed

(32) નીચેના શબ્દોને શબ્દકોશ ક્રમમાં ગોઠવો.

સૌંદર્ય, સ્વીકાર, સત્કાર, સ્વાર્થ, સૈનિક

(A) સૈનિક, સ્વાર્થ, સૌંદર્ય, સ્વીકાર, સત્કાર

(B) સ્વાર્થ, સૈનિક, સત્કાર, સૌંદર્ય, સ્વીકાર

(C) સત્કાર, સ્વાર્થ, સ્વીકાર, સૈનિક, સૌંદર્ય

(D) સત્કાર, સૈનિક, સૌંદર્ય, સ્વાર્થ, સ્વીકાર

(33) Select the proper word for underlined word.

- The eagle can see very far. It has <u>sharp</u> eyes.

(A) big

(B) powerful

(C) beautiful

(D) black

(34) આપેલાં વાક્યોમાં ઉચિત વિરામચિહ્નોનો પ્રયોગ ન થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) પોલીસ આવી, ટોળું વિખરાઈ ગયું, ફરી વ્યવસ્થા સ્થપાઈ ગઈ.

(B) ભાષા સજ્જતા : આજના વક્તવ્યનો વિષય છે.

(C) હું કહેતો હતો - કહેતાં ભૂલી ગયો કે - તમે ત્યાં આવવાના છો ?

(D) કાવ્યમાં વપરાયેલા આ શબ્દ (કર્મ)ની પણ સમજ નથી.

(35) I should ....................... the post office today.

(A) go
(B) going to
(C) to go
(D) go to

(36) Find out the correct spelling.

(A) stomuck
(B) medicin
(C) headach
(D) severe

(37) 'કપાળમાં ઊગે વાળ, તો ભાલમાં ઊગે ઝાડ' - ને શું કહેવાય ?

(A) મુક્તક
(B) રુઢિપ્રયોગ
(C) કહેવત
(D) શીર્ષક

(38) નીચેનામાંથી ખોટી જોડણી ધરાવતો વિકલ્પ જણાવો.

(A) વીનતિ
(B) વિનતી
(C) વિનંતી
(D) વિનંતિ

(39) આપેલ શબ્દો પૈકી સાચી જોડણી હોય તેવો શબ્દ કયો છે ?

(A) નૈવેધ
(B) અધ્વર્યુ
(C) દ્વીજ
(D) નિંદ્રા

(40) 'મને થોડી પૂછપરછ કરીને પછી એક ખુલ્લી રવેશીમાં આસન લગાવવા કહ્યું.' - આ વાક્યમાં વપરાયેલ 'રવેશી' શબ્દનો અર્થ શું થાય ?

(A) અટારી
(B) જગ્યા
(C) પડાળી
(D) હવેલી

(41) Which one is the nearest meaning of the word 'explain' ?

(A) expand
(B) describe
(C) teach
(D) simplify

(42) મહાદેવભાઈ દેસાઈ દ્વારા અનુવાદિત કૃતિ 'કાબુલી'ની મૂળ બંગાળી કૃતિ 'કાબુલીવાલા'ના સર્જક જણાવો.

(A) રવીન્દ્રનાથ ટાગોર
(B) શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય
(C) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
(D) મૈત્રેયીદેવી

(43) 'દૂર હોવાને કારણે મનમાં સતત રહેતો મળવાનો ભાવ' - શબ્દસમૂહ માટેનો એક શબ્દ કયો છે ?

(A) ચટપટી
(B) તાલાવેલી
(C) અહોભાવ
(D) ઝુરાપો

(44) ..................... Swati .................. her homework regularly ?

(A) Do, do
(B) Do, does
(C) Does, do
(D) Does, does

(45) Arrange the dialogue between two mosquitoes by selecting the appropriate order of sentences.

1. Don't miss the chance.
2. I will not suck his blood.
3. This boy's blood is very sweet; let's attack.
4. Enjoy yourself, I have diabetes.

(A) 4, 2, 3, 1
(B) 1, 3, 4, 2
(C) 2, 4, 3, 1
(D) 3, 2, 1, 4

(46) નીચે આપેલ સંયોજકો પૈકી સમસ્ત સંયોજક કયું છે ?

(A) આથી
(B) તથા
(C) જેથી
(D) જો - તો

(47) Choose the antonym of the word 'rapidly'.

(A) slow
(B) fast
(C) quickly
(D) slowly

(48) Choose the correct sentence.

(A) He Sees he has made mistake.
(B) He thinks that it will rain.
(C) He has done all that was necessary.
(D) He says that he had decided to eat it.

(49) There is no ...................... in the lamp.

(A) weak
(B) wick
(C) week
(D) wake

(50) રાકેશ, અહીં આવ. કાલે અહીં જમજે. આ વાક્યનો પ્રકાર જણાવો.

(A) પ્રશ્નાર્થ વાક્ય (B) વિધાન વાક્ય

(C) આજ્ઞાર્થ વાક્ય (D) સાદું વાક્ય

(51) ગુજરાતનો સૌથી વધુ વસ્તી ગીચતા ધરાવતો જિલ્લો કયો છે ?

(A) રાજકોટ (B) સુરત

(C) વડોદરા (D) અમદાવાદ

(52) વિદ્યાર્થીઓમાં તાર્કિક અને વિશ્લેષણાત્મક ચિંતન ખીલવવા માટે GCERT દ્વારા કયા કાર્યક્રમ અંતર્ગત પ્રશ્નો રચવામાં આવે છે ?

(A) ચાલો મગજ કસીએ

(B) કૌશલ્ય વિકાસ કાર્યક્રમ

(C) હાયર ઓર્ડર થિકીંગ સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

(D) એક કદમ આગળ

(53) 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની ઉજવણી ક્યારે થાય છે ?

(A) 2 સપ્ટેમ્બર (B) 5 સપ્ટેમ્બર

(C) 8 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર

(54) નાગરિકતા (સંશોધન) વિધેયક દ્વારા નાગરિકતા અધિનિયમમાં સંશોધન કરવામાં આવેલ, આ અધિનિયમ કયા વર્ષમાં લાવવામાં આવેલ ?

(A) 2021 (B) 2018

(C) 2020 (D) 2019

(55) ભારતીય સંવિધાન સભાના પ્રથમ દિવસના અધિવેશનની અધ્યક્ષતા કોણે કરી હતી ?

(A) ડૉ. સચ્ચિદાનંદ સિન્હા (B) ડૉ. બી.આર. આંબેડકર

(C) ડૉ. મૌલાના અબ્દુલ કલામ (D) બી.એન. રાવ

(56) RTE Act-2009 ની કઈ કલમ / સેકશન હેઠળ રાજયો અને સ્થાનિક સંસ્થાઓને જરૂરી નિર્દેશ અને માર્ગદર્શન આપવા કેન્દ્ર સરકારને અધિકૃત કરેલ છે ?

(A) 33 (B) 38

(C) 35 (D) 34

(57) ચિરંજીવી યોજનાનો મુખ્ય હેતુ શું છે ?

(A) આદિવાસી વિસ્તારના લોકોના આરોગ્યનો સુધાર

(B) ગામ્ય વિસ્તારના લોકોની સુખાકારી

(C) ગરીબી રેખા નીચેના લોકોના જીવનધોરણ સુધારવા

(D) માતા મૃત્યુ દર અને બાળમૃત્યુ દર ઘટાડવો

(58) કૈલાસધામ યોજના કઈ બાબત સાથે સંકળાયેલ છે ?

(A) વિદ્યુત અને ગેસ આધારિત સ્મશાનગૃહ (B) દેવસ્થાનનું નિર્માણ

(C) દેવાલયોનો માળખાકીય વિકાસ (D) દેવાલયોના વાહન વ્યવહાર સુવિધાનો વિકાસ

(59) કોઈ વ્યક્તિ શાળાની માન્યતા પાછી ખેંચી લીધા બાદ પણ શાળા ચલાવતા હોય તે સ્થિતિમાં કેટલા રૂપિયા દંડની જોગવાઈ RTE Act-2009 માં કરવામાં આવેલ છે ?

(A) રૂા. 50,000/- (B) રૂા. 1,00,000/-

(C) રૂા. 75,000/- (D) રૂા. 20,000/-

(60) આદિવાસી સમાજનો ચિત્રવિચિત્રનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?

(A) દાહોદ (B) પંચમહાલ

(C) ડાંગ (D) સાબરકાંઠા

(61) ડિકથલોન શું છે ?

(A) 10 Kms રેસ (B) મેરાથૉન દોડનું એકઅંગ

(C) 10 ટ્રેક અને ફિલ્ડ ઈવેન્ટની પ્રતિયોગિતા (D) બાધાકુદ

(62) ગુજરાતના કયા જિલ્લાઓમાં સૌથી વધુ તાલુકાઓ આવેલા છે ?

(A) બનાસકાંઠા (B) જૂનાગઢ

(C) અમદાવાદ (D) સૂરત

(63) ક્ષમતા કેન્દ્રી શિક્ષણ (MLL-Minimum Level of Learning) સાથે કયા શિક્ષણશાસ્ત્રીનું નામ જોડાયેલું છે ?

(A) ગિજુભાઈ બધેકા (B) જે. કૃષ્ણમૂર્તિ

(C) ઝિન ઝેક રૂસો (D) રવીન્દ્રભાઈ દવે

(64) MOOC માં શું શિખવવામાં આવે છે ?

(A) ઓનલાઇન પરીક્ષા પદ્ધતિ (B) ઓનલાઇન શિક્ષક તાલીમ

(C) વ્યાપક ઓનલાઇન અભ્યાસક્રમ (D) બાઈસેગ દ્વારા શિક્ષણ

(65) "ગામડાનો નૈસર્ગિક માહોલ જળવાઈ રહે અને ગામડામાંથી લુપ્ત થતી વનસમૃદ્ધિનું જતન કરવું.", આ ઉદ્દેશ્ય કઈ યોજનાનો છે ?

(A) પંચવટી યોજના (B) પાવનગામ યોજના

(C) સમરસ ગ્રામ પંચાયત યોજના (D) તીર્થગ્રામ યોજના

(66) ભારતમાં સૌથી વધુ જંગલો ધરાવતું રાજ્ય કયું છે ?

(A) મિઝોરમ (B) નાગાલેન્ડ

(C) મણિપુર (D) મેઘાલય

(67) શિક્ષણમાં સંરચનાવાદ (Constructivism) મુખ્યત્વે કયા મનોવિજ્ઞાની સાથે સંકળાયેલો છે ?

(A) થોર્નડાઇક (B) પાવલોવ

(C) વૉલ્ટર (D) પીઆજે

(68) ઉજ્જૈનનું પ્રાચીન નામ શું હતું ?

(A) ધાન્યકરક (B) સારનાથ

(C) તક્ષશિલા (D) અવન્તિકા

(69) NER અને GER સંદર્ભે શું સાચું છે ?

(A) GER < NER (B) GER ≤ NER

(C) NER = GER (D) NER ≤ GER

(70) 'નિપુણ ભારત'નો મુખ્ય ઉદ્દેશ કોને લાગુ પડે છે ?

(A) પૂર્વ પ્રાથમિકથી ધોરણ 3 (B) ધોરણ 1 અને 2

(C) ધોરણ 1 થી 3 (D) પૂર્વ પ્રાથમિકથી ધોરણ 2

(71) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં પ્રિ-વોકેશનલ એજ્યુકેશન કયા ધોરણો માટે સૂચવાયું છે ?

(A) ધોરણ 6 થી 8 (B) ધોરણ 1 થી 8

(C) ધોરણ 3 થી 8 (D) ધોરણ 1 થી 5

(72) બંધારણના કયા અનુચ્છેદથી બાળમજુરી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે ?

(A) અનુચ્છેદ - 19 (B) અનુચ્છેદ - 21

(C) અનુચ્છેદ - 24 (D) અનુચ્છેદ - 25

(73) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અનુસાર કયા વર્ષ સુધીમાં પૂર્વ પ્રાથમિકથી લઈને માધ્યમિક વિભાગ સુધી 100% બાળકો શાળા પ્રવેશ મેળવે તેવું લક્ષ્ય રાખવામાં આવેલ છે ?

(A) 2029 (B) 2028

(C) 2035 (D) 2030

(74) G-20 માં કોણ સમાવિષ્ટ નથી ?

(A) શ્રીલંકા (B) UK

(C) USA (D) બ્રાઝિલ

(75) NEP 2020 અંતર્ગત સૂચિત National Assessment Center નું નામ શું છે ?

(A) પ્રાણ (PRAN) (B) પરખ (PARAKH)

(C) નાસ્ક (NASC) (D) સાસ્ક (SASC)

## વિભાગ - 2 સામાજિક વિજ્ઞાન

(76) બાજરીના ઉત્પાદનમાં ભારતમાં ગુજરાતનું સ્થાન કેટલામું છે ?

(A) પહેલું ✓
(B) બીજું
(C) ત્રીજું
(D) ચોથું

(77) "સામાજિક વિજ્ઞાનને લોકો અને સામાજિક તથા પ્રાકૃતિક પર્યાવરણ વચ્ચેની આંતરક્રિયા સાથે સંબંધ છે." આ સામાજિક વિજ્ઞાન શિક્ષણ સંબંધિત વ્યાખ્યા કોના કથન/મતાનુસાર છે ?

(A) હિલેર
(B) જોન યુ. માઈકેલિસ
(C) ઇ.બી.બેસ્લે
(D) એન.સી.ઈ.આર.ટી.

(78) કાયદાનો અમલ કરાવાનું કાર્ય કોણ કરે છે ?

(A) લોકસભા
(B) રાજ્યસભા
(C) વિધાનસભા
(D) મંત્રીમંડળ

(79) ભારતમાં ન્યાયતંત્રની શરૂઆત કરતા અંગ્રેજ અધિકારી કોણ હતો ?

(A) ડેલહાઉસી
(B) વેલેસ્લી
(C) ક્લાઇવ
(D) વૉરનહેસ્ટિંગ

(80) પોર્ટુગલ નાવિક વાસ્કો-દ-ગામાએ ભારત આવવા યુરોપીયનો માટે શોધેલા નવિન જળમાર્ગનો રુટ કયો હતો ?

(A) પોર્ટુગલથી કોન્સ્ટેન્ટિનોપલ વાયા બગદાદથી ભારત
(B) પોર્ટુગલથી મોઝામ્બિક વાયા અરબસ્તાનથી ભારત
(C) પોર્ટુગલથી આફ્રિકા - કેપ ઑફ ગુડ હોપ વાયા મોઝામ્બિકથી ભારત
(D) પોર્ટુગલથી તુર્કસ્તાન વાયા બગદાદથી ભારત

(81) ધોળાવીરા નગરની મુખ્ય વિશેષતા શી હતી ?

(A) નગર ફરતો કિલ્લો
(B) જાહેર સ્નાનાગાર
(C) વરસાદના પાણીના સંગ્રહની વ્યવસ્થા અને સ્ટેડિયમ
(D) પાકા મકાનો

(82) ભારતમાં બાંધકામ ખાતાની સ્થાપના કોના સમયમાં થઈ ?

(A) વેલેસ્લી
(B) ડેલહાઉસી
(C) વૉરન હેસ્ટિંગ
(D) વિલિયમ બેન્ટિક

(83) આઝાદી પહેલા ગુજરાતમાં કન્યાશિક્ષણ માટે દર્શાવેલા વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) અમદાવાદમાં હરકુંવર શેઠાણીનો ફાળો હતો.

(B) વડોદરામાં મહારાજા સયાજીરાવે કન્યાશિક્ષણને ઉત્તેજન આપેલ.

(C) ગોંડલના મહારાજા ભગવતસિંહે કન્યાશિક્ષણને ઉત્તેજન આપેલ.

(D) રાજકોટના રાજવી ધર્મેન્દ્રસિંહે કન્યાશિક્ષણને ઉત્તેજન આપેલ.

(84) સ્ટોરેજ બેટરી અને ઝીંક ઓક્સાઇડની બનાવટમાં શેનો ઉપયોગ થાય છે ?

(A) કોપર

(B) મેગેનિઝ

(C) જસત

(D) સીસુ

(85) ઋગ્વેદકાળમાં વિવિધ રાજકીય સંસ્થાઓના સમુદાયને શું કહેવામાં આવતું હતું ?

(A) પાર્ટી

(B) ગણ

(C) સભા

(D) વિશ

(86) ભારતમાં કયો દિવસ મૂળભૂત ફરજ દિવસ તરીકે ઉજવાય છે ?

(A) 21 જુન

(B) 6 જાન્યુઆરી

(C) 15 જાન્યુઆરી

(D) 10 જાન્યુઆરી

(87) કયા રેખાંશવૃત્તને 'આંતરરાષ્ટ્રીય દેશાંતર' રેખા કહે છે ?

(A) $0^0$ રેખાંશવૃત્તને

(B) $180^0$ પૂર્વ રેખાંશ

(C) $180^0$ પશ્ચિમ રેખાંશ

(D) $90^0$ પૂર્વ રેખાંશ

(88) ભારત સરકારે નવી રાષ્ટ્રીય વન નીતિ ક્યારે જાહેર કરી હતી ?

(A) ઈ.સ. 1980 માં

(B) ઈ.સ. 1988 માં

(C) ઈ.સ. 2011 માં

(D) ઈ.સ. 1986 માં

(89) 1854 ના વુડના ખરીતામાં શિક્ષણ માટે કઈ જોગવાઈ ન હતી ?

(A) દરેક પ્રાંતમાં યુનિવર્સિટીની સ્થાપના

(B) સરકારી કૉલેજ અને શાળાઓની જાળવણી

(C) શિક્ષકો માટે પ્રશિક્ષણ સંસ્થાઓ શરૂ કરવી.

(D) પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક હોવું જોઈએ.

(90) પ્રથમ વિશ્વયુદ્ધનાં અંતે કઈ સંધિ કરવામાં આવી ?

(A) વર્સેલ્સની સંધિ

(B) ગુપ્ત સંધિ

(C) ફ્રાન્સ અને બ્રિટન સંધિ

(D) જર્મની અને હંગેરીની સંધિ

(91) ભારતના કયા ક્રાંતિકારીએ ઇંગ્લેંડમાં 'ઇન્ડિયા હાઉસ'ના કાર્યાલયમાં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કરીને 'ઇન્ડિયન સોસિયોલોજિસ્ટ' નામનું સામયિક શરૂ કર્યું હતું ?

(A) શ્યામજી કૃષ્ણવર્માએ
(B) વીર સાવરકરે
(C) મદનલાલ ઢીંગરાએ
(D) લાલા હરદયાલે

(92) સંયુક્ત રાષ્ટ્રો (U.N.) દ્વારા ઘોષણા કરવામાં આવેલા માનવ અધિકારોમાં કયા અધિકારનો સમાવેશ થતો નથી ?

(A) શિક્ષણ મેળવવાનો અધિકારનો
(B) અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકારનો
(C) કોઈ પણ દેશમાં ચૂંટણી લડવાનો અધિકારનો
(D) ગોપનીયતાનો અધિકારનો

(93) ગુજરાતમાં સૌપ્રથમ ખનિજ તેલ ક્યાં પ્રાપ્ત થયું હતું ?

(A) લૂણેજ - આણંદ જિલ્લો
(B) અંકલેશ્વર
(C) ગાંધીનગર
(D) મહેસાણા

(94) પૃથ્વીની સપાટીના આશરે કેટલા ટકા વિસ્તારમાં પર્વતો આવેલા છે ?

(A) 20%
(B) 28%
(C) 75%
(D) 26%

(95) કયા બંધારણીય સુધારાથી બંધારણના આમુખમાં સાર્વભૌમ શબ્દ પછી 'સમાજવાદી અને બિનસાંપ્રદાયીક' શબ્દો ઉમેરવામાં આવ્યા ?

(A) 30 મો
(B) 40 મો
(C) 42 મો
(D) 46 મો

(96) નીચેની ઘટનાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(1) ક્રિપ્સ મિશન
(2) ઓગષ્ટ ઑફર
(3) વેવલ યોજના
(4) કેબિનેટ યોજના

(A) 2, 1, 3, 4
(B) 1, 3, 4, 2
(C) 1, 2, 4, 3
(D) 2, 3, 4, 1

(97) વિધાનસભામાં સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી કેટલી હોવી જોઈએ ?

(A) 50
(B) 40
(C) 60
(D) 70

(98) વર્ષમાં કેટલી વખત ગ્રામ સભાનું આયોજન કરવું ફરજિયાત છે ?

(A) એક વખત
(B) ત્રણ વખત
(C) ચાર વખત
(D) બે વખત

(99) વિધાન પરિષદના સભ્ય બનાવા માટે ઉમેદવારની ઉંમર ઓછામાં ઓછી કેટલી હોવી જોઈએ ?

(A) 18 વર્ષ
(B) 25 વર્ષ
(C) 30 વર્ષ
(D) 35 વર્ષ

(100) કેટલા વર્ષની કે તેનાથી વધુ વયજૂથની કોઈપણ વ્યક્તિ કોઈપણ એક ભાષા વાંચી લખીને સમજી શકતી હોય તો તેને સાક્ષર કે અક્ષરજ્ઞાન ધરાવતી વ્યક્તિ ગણવામાં આવે છે ?

(A) 7 વર્ષ કે તેનાથી વધુ વયજૂથની
(B) 6 વર્ષ કે તેનાથી વધુ વયજૂથની
(C) 14 વર્ષ કે તેનાથી વધુ વયજૂથની
(D) 35 વર્ષ કે તેનાથી વધુ વયજૂથની

(101) ભારતના લોખંડ-પોલાદના મહત્ત્વના સ્ટીલ ઉત્પાદક કેન્દ્રોને ભારતના નકશામાં પૂર્વથી પશ્ચિમ દિશામાં ગોઠવતા સાચો ક્રમ કયો છે ?

(A) બર્નપુર, રૂરકેલા, બોકારો, દુર્ગાપુર, જમશેદપુર
(B) દુર્ગાપુર, બર્નપુર, બોકારો, જમશેદપુર, રૂરકેલા
(C) જમશેદપુર, રૂરકેલા, દુર્ગાપુર, બોકારો, બર્નપુર
(D) બર્નપુર, બોકારો, દુર્ગાપુર, રૂરકેલા, જમશેદપુર

(102) વસ્તી ગિચતા = ?

(A) દેશનું ક્ષેત્રફળ / દેશની વસ્તી
(B) દેશની ત્રિજ્યા / દેશની વસ્તી
(C) દેશની કુલ વસ્તી / દેશની ત્રિજ્યા
(D) દેશની કુલ વસ્તી / દેશનું ક્ષેત્રફળ

(103) સરકારની માલિકીના ઉદ્યોગો કયા પ્રકારના ક્ષેત્રોમાં આવે છે ?

(A) સહકારી ક્ષેત્ર
(B) ખાનગી ક્ષેત્ર
(C) સાર્વજનિક ક્ષેત્ર
(D) સંયુક્ત ક્ષેત્ર

(104) કઈ સંસ્થાની સ્થાપના થવાથી ભારતમાં લોંખડ પોલાદ ઉદ્યોગને નવી દિશા મળી હતી ?

(A) ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ આર્ટ
(B) ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ
(C) ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ
(D) ઈન્ડિયન કોમર્શિયલ ઇન્સ્ટિટ્યૂટ

(105) બે જળ વિસ્તારોને અલગ કરતી સાંકડી ભૂમિપટ્ટીને કેવી ભૂમિ કહે છે?

(A) આમુદ્ર ધુની
(B) સંયોગ ભૂમિ
(C) દ્વીપકલ્પ
(D) ભૂશિર

(106) લોખંડ-પોલાદ ઉદ્યોગના કેન્દ્રોને દક્ષિણથી ઉત્તર દિશા તરફના સાચા ક્રમમાં ગોઠવો.

(A) ભિલાઈ, ભદ્રાવતી, દુર્ગાપુર, જમશેદપુર
(B) ભદ્રાવતી, ભિલાઈ, જમશેદપુર, દુર્ગાપુર
(C) દુર્ગાપુર, જમશેદપુર, ભિલાઈ, ભદ્રાવતી
(D) જમશેદપુર, દુર્ગાપુર, ભિલાઈ, ભદ્રાવતી

(107) ભારતમાં કઈ નદીઓના મુખત્રિકોણ પ્રદેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનના ક્ષેત્રો છે ?

(A) કોસી અને સિંધુ (B) કૃષ્ણા અને ગોદાવરી

(C) ગંગા અને યમુના (D) નર્મદા અને ભાદર

(108) ઘઉંનો પાક કેવી જમીનમાં વધુ થાય છે ?

(A) છિદ્રાળુ અને ઢાળવાળી (B) લાગ અને સુકી

(C) ભેજ સંગ્રહ કરી શકે તેવી કાળી અને ચીકણી (D) લાગ અને રેતાળ

(109) ચોખા અને પ્રાણીઓના હાડકાંના અવશેષો કઈ જગ્યાએથી મળી આવેલ છે ?

(A) મહેરગઢ (B) બોર્ડફર્મ

(C) કોલ્ડિવા (D) લાંઘણજ

(110) ગ્રામ પંચાયતમાં વધુમાં વધુ કેટલા ચુંટાયેલા સભ્યો હોય છે ?

(A) 8 (B) 12

(C) 10 (D) 20

(111) મહાસાગરોને તેમના ક્ષેત્રફળના આધારે નાનાથી મોટા ક્રમમાં ગોઠવો.

(A) હિન્દ મહાસાગર, પેસેફિક, આર્કટિક, એટલેન્ટિક

(B) હિન્દ મહાસાગર, આર્કટિક, એટલેન્ટિક, પેસેફિક

(C) આર્કટિક, એટલેન્ટિક, હિન્દ મહાસાગર, પેસેફિક

(D) આર્કટિક, હિન્દ મહાસાગર, એટલેન્ટિક, પેસેફિક

(112) ધોળાવીરા કચ્છ જિલ્લાના કયા તાલુકામાં આવેલું સ્થળ છે ?

(A) ભુજ (B) કચ્છ

(C) માંડવી (D) ભચાઉ

(113) ઓઝોન દિવસ ક્યારે ઉજવાય છે ?

(A) 1 સપ્ટેમ્બર (B) 26 સપ્ટેમ્બર

(C) 6 સપ્ટેમ્બર (D) 16 સપ્ટેમ્બર

(114) કેન્દ્ર સરકાનું બજેટ સૌપ્રથમ ક્યાં રજૂ કરવામાં આવે છે ?

(A) રાષ્ટ્રપતિ ભવન (B) પ્રધાનમંત્રી ભવન

(C) રાજ્યસભા (D) લોકસભા

(115) બંધારણમાં મૂળભૂત ફરજોનો સમાવેશ ક્યારે કરવામાં આવ્યો ?

(A) ઈ.સ. 1876 માં (B) ઈ.સ. 1976 માં

(C) ઈ.સ. 1950 માં (D) ઈ.સ. 1978 માં

(116) ભારતનાં કયા પ્રાચીન ગ્રંથમાં ભારત વિશે ભારતવર્ષ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે?

(A) શિવપુરાણ
(B) વિષ્ણુપુરાણ
(C) ગરૂડપુરાણ
(D) ઋગ્વેદમાં

(117) વિશ્વની 90% થી વધારે વસ્તી પૃથ્વીના લગભગ કેટલા ટકા વિસ્તારમાં વસવાટ કરે છે ?

(A) 75%
(B) 25%
(C) 50%
(D) 10%

(118) વાતાવરણના સંદર્ભમાં નીચેનાં પૈકી કયું વિધાન સાચું છે ?

(A) કાર્બન ડાયોક્સાઈડ આશરે 10 કિ.મી.ની ઉંચાઈ પછી, ઓક્સિજન 100 કિ.મી.ની ઉંચાઈ પછી અને નાઈટ્રોજન આશરે 120 કિ.મી.ની ઉંચાઈ પછી તેની હાજરી ઘટતી જાય છે.

(B) કાર્બન ડાયોક્સાઈડ 20 કિ.મી.ની ઉંચાઈ પછી, ઓક્સિજન 110 કિ.મી.ની ઉંચાઈ પછી અને નાઈટ્રોજન આશરે 130 કિ.મી.ની ઉંચાઈ પછી તેની હાજરી ઘટતી જાય છે.

(C) કાર્બન ડાયોક્સાઈડ આશરે 1 કિ.મી.ની ઉંચાઈ પછી, ઓક્સિજન 110 કિ.મી.ની ઉંચાઈ પછી અને નાઈટ્રોજન આશરે 130 કિ.મી.ની ઉંચાઈ પછી તેમની હાજરી ઘટતી જાય છે.

(D) A અને C બંને

(119) ભક્તિ આંદોલન દરમિયાન સંતો દ્વારા લખાયેલા ગ્રંથોની કઈ જોડ સાચી નથી.

(A) જ્ઞાનેશ્વરીગીતા - નામદેવ
(B) દાસબોધ - સમર્થ રામદાસ
(C) વિનય પત્રિકા - તુલસીદાસ
(D) બીજક - સંત કબીર

(120) પરદેશની ભૂમિ પર હિંદનો સૂચિત રાષ્ટ્રધ્વજ સૌપ્રથમ કોણે ફરકાવ્યો ?

(A) શ્યામજી કૃષ્ણ વર્મા
(B) રાણા સરદારસિંહ
(C) મેડમ ભિખાઈજી કામા
(D) મદનલાલ ઢીંગરા

(121) લોકસભાએ પસાર કરીને રાજ્યસભાને ભલામણ માટે મોકલેલ ખરડો કેટલા દિવસમાં રાજ્યસભાએ લોકસભાને પરત મોકલવાનો હોય છે ?

(A) 7 દિવસ
(B) 15 દિવસ
(C) 14 દિવસ
(D) 21 દિવસ

(122) રાજ્યસભામાં ગુજરાતની કેટલી બેઠકો ફાળવવામાં આવેલ છે ?

(A) 10
(B) 11
(C) 12
(D) 26

(123) ભારતમાં પાષાણયુગના જૂના ચિત્રો ક્યાંથી મળી આવ્યા છે ?

(A) અજંતાની ગુફાઓમાંથી
(B) ઈલોરાની ગુફાઓમાંથી
(C) બાઘની ગુફાઓમાંથી
(D) મધ્યપ્રદેશમાં ભીમ બેટકા સ્થળેથી

(124) શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કઈ જગ્યાએ આવેલ છે ?

(A) પાટણ
(B) ભાવનગર
(C) ગાંધીનગર
(D) અમદાવાદ

(125) બે અક્ષાંશો વચ્ચે આશરે કેટલા કિલો મીટરનું અંતર હોય છે ?

(A) 90 km
(B) 100 km
(C) 111 km
(D) 75 km

(126) ગુજરાતના કયા સુધારકો પૈકી, કોણે વિધવા સાથે લગ્ન કરી દાખલો બેસાડ્યો ?

(A) કરસનદાસ મૂળજી
(B) નર્મદ
(C) મહિપતરામ રૂપરામ
(D) દલપત

(127) ટપક સિંચાઈ પદ્ધતિથી લગભગ કેટલા ટકા પાણીની બચત કરી શકાય ?

(A) 90%
(B) 75%
(C) 40-60%
(D) 25-40%

(128) કોના મતે શિક્ષણની કઠોર શિસ્તથી બાળક મુક્ત હોવું જોઈએ અને બાળકની કલ્પના શક્તિ અને કુતૂહલ શક્તિ વિકસે તેવી શિક્ષણ વ્યવસ્થા હોવી જોઈએ ?

(A) ગાંધીજી
(B) સ્વામી વિવેકાનંદ
(C) રવીન્દ્રનાથ ટાગોર
(D) રાજા રામમોહનરાય

(129) હડપ્પીય સભ્યતામાં કઈ દિશામાં કિલ્લો બાંધવામાં આવ્યો હતો ?

(A) ઉત્તર
(B) દક્ષિણ
(C) પૂર્વ
(D) પશ્ચિમ

(130) કોચરબ આશ્રમની સ્થાપના કઈ સાલમાં કરવામાં આવી?

(A) 1915
(B) 1917
(C) 1913
(D) 1900

(131) 'અભ્યાસક્રમ શિક્ષકરૂપી કલાકારના હાથમાં એક એવું સાધન છે કે જેનાથી તે શાળારૂપી કલામંદિરમાં પોતાના શૈક્ષણિક ઉદ્દેશોરૂપી આદર્શો અનુસાર પોતાના વિદ્યાર્થીઓરૂપી સામગ્રીને ઘાટ-આકાર આપી શકે છે.' - અભ્યાસક્રમની આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવી છે ?

(A) ફ્રોબેલ
(B) ક્રો એન્ડ ક્રો
(C) પેઇન
(D) કનિંગહામ

(132) નીચે આપેલ સ્થળ અને સ્થાપત્યની કઈ જોડ ખોટી છે ?

(A) ચિતૌડ - વિજયસ્થંભ
(B) રામેશ્વર - હોયસશલેશ્વરનું મંદિર
(C) તાંજોર - રાજરાજેશ્વર મંદિર
(D) પુરી - લિંગરાજ મંદિર

(133) વિશ્વનો સૌથી મોટો ભૂ-તાપીય ઊર્જા-પ્લાન્ટ કયા દેશમાં છે ?

(A) ન્યૂઝીલેન્ડ
(B) આઇસલેન્ડ
(C) યુ.એસ.એ.
(D) ફિલિપાઇન્સ

(134) તુલુવ વંશનો શ્રેષ્ઠ શાસક કોણ હતો ?

(A) હરિહરરાય
(B) બુક્કારાય
(C) પૃથ્વીરાય
(D) કૃષ્ણ દેવરાય

(135) કલકત્તામાં હાર્યા બાદ અંગ્રેજોએ કોના નેતૃત્વ હેઠળ એક સેનાને કલકત્તામાં મોકલી હતી.

(A) લૉર્ડ જોર્ડનના
(B) લૉર્ડ ક્લાઇવના
(C) લૉર્ડ વિલિયમના
(D) લૉર્ડ વેલેસ્વીના

(136) હિન્દી રાષ્ટ્રીય મહાસભાના અગાઉના પ્રાદેશિક સંગઠનોને નીચે આપેલ વિભાગ-1 અને વિભાગ-2 સાથે જોડો.

| વિભાગ - 1 | વિભાગ -2 |
|---|---|
| (અ) સાર્વજનિક સભા | (1) મદ્રાસ |
| (બ) મદ્રાસ નેટિવ સભા | (2) મુંબઈ |
| (ક) બોમ્બે એસોસિએશન | (3) કોલકતા |
| (ડ) ઇન્ડિયન એસોસિએશન | (4) પૂના |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 3 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 3 | 2 | 1 | 4 |
| (D) | 1 | 2 | 3 | 4 |

(137) અંગુતરનિકાય કઈ ભાષાનો ગ્રંથ છે ?

(A) પાલી
(B) સંસ્કૃત
(C) વૈદિક
(D) પ્રાકૃત

(138) વિભાગ - 1 ને વિભાગ - 2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

| વિભાગ - 1 | વિભાગ -2 |
|---|---|
| (અ) જાપાન | (1) ઉત્તર એશિયા |
| (બ) ભારત | (2) મધ્ય એશિયા |
| (ક) સાઈબિરીયા | (3) પૂર્વ એશિયા |
| (ડ) તિબેટ | (4) દક્ષિણ-પૂર્વ એશિયા |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 4 | 3 | 1 | 2 |

(139) નીચે પૈકી કઈ શૈક્ષણિક પદ્ધતિ ઓસ્બોને સર્જનાત્મકતાના વિકાસ માટે આપી છે ?

(A) ક્ષેત્ર મુલાકાત
(B) કથન પ્રયુક્તિ
(C) એડવાન્સ ઓર્ગેનાઈઝર
(D) બ્રેઈન સ્ટોર્મિંગ

(140) ભારતનો કયો વેદ સંગીતકલાને લગતો ગણાય છે.

(A) ઋગ્વેદ
(B) સામવેદ
(C) યજુર્વેદ
(D) અથર્વવેદ

(141) નીચેની નદીઓને લંબાઈને આધારે ઉતરતા ક્રમમાં ગોઠવો.

(A) મિસિસીપી, નાઈલ, એમેઝોન, ગંગા
(B) ગંગા, નાઈલ, એમેઝોન, મિસિસીપી
(C) નાઈલ, એમેઝોન, ગંગા, મિસિસીપી
(D) નાઈલ, એમેઝોન, મિસિસીપી, ગંગા

(142) ચા મુખ્યત્વે કયા કટિબંધનો છોડ છે ?

(A) ઉષ્ણ અને સમશિતોષ્ણ
(B) સમશિતોષ્ણ કટિબંધ
(C) ઉષ્ણકટિબંધ
(D) ઉપરોક્તમાંથી એકેય નથી.

(143) ગૌતમ બુદ્ધ સાથે જોડાયેલા સ્થળો અને ઘટનાની કઈ જોડ અયોગ્ય છે ?

(A) પુરુવેલા - બ્રાહ્મણો સાથે તપશ્ચર્યા શરૂ કરી.
(B) બોધગયા - પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થયું
(C) કુશીનાર - અવસાન થયું
(D) પાવાપુરી - અવસાન થયું

(144) ભારતમાં 'રેગુર' નામે કઈ જમીન ઓળખાય છે ?

(A) કાળી જમીન
(B) લેટેરાઈટ જમીન
(C) પર્વતીય જમીન
(D) પીટ પ્રકારની જમીન

(145) પાણિનિનો સંસ્કૃત ભાષાનો સર્વશ્રેષ્ઠ વ્યાકરણ ગ્રંથ કયો છે ?

(A) પ્રયાગ પ્રશસ્તિ
(B) હર્ષચરિતમ્
(C) અષ્ટાધ્યાયી
(D) મણિમેખલાઈ

(146) પ્રાચીન ગ્રીસ અને ઈરાનના લોકો કેટલા વર્ષ પહેલા સિંધુ પ્રદેશના સંપર્કમાં આવ્યા હતા ?

(A) 1500
(B) 2000
(C) 2500
(D) 3000

(147) તીર્થગ્રામ યોજના અંતર્ગત લાભ મેળવવા માટે છેલ્લાં કેટલાં વર્ષમાં ગામમાં કોઈ પણ પ્રકારનો ગુનો નોંધાયેલ ન હોવો જોઈએ ?

(A) 3 વર્ષ
(B) 5 વર્ષ
(C) 2 વર્ષ
(D) 6 વર્ષ

(148) લોકઅદાલતોનો સૌપ્રથમ પ્રયોગ કયા રાજ્યમાં થયો હતો ?

(A) રાજસ્થાન
(B) જમ્મુકશ્મીર
(C) ગુજરાત
(D) મહારાષ્ટ્ર

(149) વિભાગ - 1 માં વિશ્વ સંસ્થા અને વિભાગ - 2 માં તેમનું મુખ્ય મથક આપેલ છે. યોગ્ય જોડકું જોડો.

| વિભાગ - 1 | વિભાગ -2 |
| --- | --- |
| (અ) યુનેસ્કો (UNESCO) | (1) રોમ |
| (બ) ફાઓ (FAO) | (2) ન્યુયોર્ક |
| (ક) ડબલ્યુ. એચ. ઓ. (WHO) | (3) પેરિસ |
| (ડ) યુનિસેફ (UNICEF) | (4) જીનિવા |

| | અ | બ | ક | ડ |
| --- | --- | --- | --- | --- |
| (A) | 2 | 3 | 1 | 4 |
| (B) | 1 | 3 | 4 | 2 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 3 | 2 | 1 | 4 |

(150) સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતા તેમાં સૌપ્રથમ કયું રાજ્ય વિલીન થયું ?

(A) ભાવનગર
(B) ગોંડલ
(C) રાજકોટ
(D) પોરબંદર

◆◆◆